ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા શિક્ષક દિન નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું



ચિલોડા, તા. ૭

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા શિક્ષક દિન નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજવામાં આવ્યું જેમાં મુખ્ય અતિથી તરીકે ગૂજરાત વિદ્યાપીઠના માનદ નિયામકશ્રી વિસ્તરણ વિભાગ ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી સાહેબ હાજર રહ્યા હતા જયારે મુખ્ય વક્તા તરીકે શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના ભૂતપૂર્વ ડીન પ્રો. જમનાદાસ સાવલિયા ઓસ્ટ્રેલિયાથી જોડાયા હતા વેબિનારના માધ્યમથી યોજવામાં આવ્યું આ સંમેલનમાં મુખ્ય અતિથી તરીકે સંબોધન આપનાર ડો રાજેન્દ્રભાઈ ખીમાણી સાહેબે શારીરિક શિક્ષણ વિભાગની મુક્ત કંઠથી પ્રશંસા કરી હતી અને શારીરિક શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા કરવામાં આવેલી નેપાળ ભૂકંપ રાહત કામગીરી, જમ્મુ કાશ્મીર ભૂકંપ રાહત કામગીરી, ગૂજરાત ભૂકંપ રાહત કામગીરમાં મોરબી સ્થિત કન્યા છાત્રાલયના પાયા ખોદવાનું કાર્ય, સુરત પુર રાહત કામગીરી, બનાસકાંઠા પુર રાહત કામગીરી, અમરેલી પુર રાહત કામગીરી, બિહાર કોસી નદી પુર રાહત કામગીરી અને આસામની હિંસામાં શાંતિ અને સદભાવની કામગીરીને બિરદાવ્યા હતા અને શારીરિક શિક્ષણ વિભાગ સાદરાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એકતા અને તેની વિવિધ પ્રકારની કામ કરવાની યોગ્યતાની પણ પ્રસંશા કરી હતી અને આજે શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાના વિદ્યાર્થીઓ સંપૂર્ણ ગૂજરાતમાં જિલા રમત ગમત અધિકારી, એ.પી.ઓ., પ્રાથમિક શાળાથી લઈ કોલેજ સુધી વ્યાયામ શિક્ષક, આર્મી, ફોરેસ્ટ વિભાગ, ગૂજરાત પોલીસ, એસ.આર.પી. અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં ગૂજરાત અને આખા દેશમાં સેવા કરી રહ્યા છે

શેઠ સી. એમ. શાળા દ્વારા 'શિક્ષકદિને' રાજ્યપાલ અને મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. શાળા દ્વારા ૫ મી સપ્ટેમ્બર, 'શિક્ષક દિન' નિમિત્તે શાળાના આચાર્યા ડૉ.ચેતના બૂચ અને શાળાના તેજસ્વી વિદ્યાર્થી પરમ શુક્લ દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, માનનીય મુખ્યમંત્રી વિજય રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે, કલેક્ટર કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શાલીની દુહાન, ડી.ઈ.ઓ ડૉ. ભરત વઢેરની શાળાના આચાર્યા ડૉ. ચેતના બૂચ, વિદ્યાર્થી પરમ શુક્લ, મનાલી પ્રજાપતિ, અશ્વિન પ્રજાપતિ દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. ડૉ.ચેતના બૂચે નામદાર રાજ્યપાલ અને મુખ્યમંત્રીને શાળા દ્વારા તૈયાર કરવામાં આવેલ સર્વપલ્લી રાધાક્રિષ્ણનના પેન્સિલ સ્કેચ પોસ્ટર સ્વરૂપે એનાયત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સર્વપલ્લી રાધાક્રિષ્ણની યાદમાં ગ્રીટીંગ્સ, કાર્ડઝ, બુકે, પેન્સિલ સ્કેચ જાતે તૈયાર કરીને ઉત્કૃષ્ટ કૃતિ સ્મૃતિભેટ તરીકે આપીને ધન્યતા અનુભવવામાં આવી હતી. આ કાર્યમાં શાળાના સુપરવાઈઝર બી.એ.પટેલ, મુકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ અને સ્ટાફ મિત્રો તેમજ વિદ્યાર્થીઓનો સુંદર સહયોગ સાંપડ્યો હતો.

જે. બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન સ્વયં શિક્ષક દિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૭

તા. ૫-૦૯-૨૦૨૦ને શનિવારે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી જેમાં શાળાનાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકોની જવાબદારી સંભાળી ઓનલાઈન સુંદર શિક્ષણકાર્ય હતું. વિદ્યાર્થીઓએ પણ સ્વયં શિસ્ત જાળવી સહકાર આપ્યો હતો. આ દિવસે શિક્ષણકાર્ય કરનાર તમામ વિદ્યાર્થીઓને શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા અને કર્મનિષ્ઠ શિક્ષક બને તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

'કવિ મનહર દિલદાર'ની પુણ્યતિથિએ કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૭

વૈશ્વિક મહામારીના કારણે પ્રેક્ષકો વિના ઓમ કૉમ્યુનિકેશન દ્વારા સોમવારના રોજ, ફેસબુક : om comunication અને યુટ્યૂબ : Sahitya Vimarsh સાહિત્ય વિમર્શ પર કવિ મનહરલાલ લક્ષ્મીશંકર રાવલ,મનહર 'દિલદાર'ની છઠ્ઠી પુણ્યતિથિનિમિત્તે કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

કવિસંમેલનમાં ગુજરાતી ભાષાના જાણીતા કવિઓ કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, મધુસૂદન પટેલ'મધુ', હરદ્વાર ગોસ્વામી, જયંત ડાંગોદરા 'સંગીત',ચેતન શુકલ'ચેનમ',ઈંગિત મોદી અને મનીષ પાઠક'શ્વેત'એ પોતાની સ્વરચિત કવિતાનો પાઠ અને મનહર 'દિલદાર'ની કવિતા પ્રસ્તુત કરી હતી.કવિસંમેલનનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી કર્યું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક'શ્વેત'એ સંભાળ્યું હતું. મનહર 'દિલદાર'ના જીવન વિશે મનહર'દિલદાર'ના પુત્ર વીરેન્દ્ર રાવલ વક્તવ્ય આપ્યું.

(૧) હર્ષ બ્રહ્મભટ્ટ :
એની આંખોથી જયારે પણ આદર વરસે,
એવું લાગે મેઘો કાચા ઘર પર વરસે !

મનહર દિલદારની રચના :
અમારી ગૂર્જરી ભાષા અમોને પ્રાણપ્યારી છે,
ન હોયે કેમ? સૂરઝરણી આ વાણીમાં ઉતારી છે.

(૨) મનીષ પાઠક 'શ્વેત' :
તમે આવ્યાં ઘણું સારું થયું,
અહીંયા સ્હેજ અજવાળું થયું.

મનહર દિલદારની રચના :
અગર મળતી રહે ફુરસદ,તમારું નામ લેવાની,
તો મળતી થૈ જશે પળ સૌ,મને ઉપરામ લેવાની.

(૩) હરદ્વાર ગોસ્વામી :
સ્હેજ તમારી ઝાંખી છે.
આંખ નિચોવી નાખી છે.

મનહર દિલદારની રચના :
બહુ રહ્યાં,ઝાઝું અહીં રહેવાય નહીં,
આ,ઉતારાનું કશું કહેવાય નહીં.

(૪) મધુસૂદન પટેલ 'મધુ' :
એનું સરનામું કે નંબર કંઈ નથી તો શું થયું ?
આંખ મીંચીને મનોમન નામને ડાયલ કરો.

મનહર દિલદારની રચના :
કોણ કે'છે કે નમાલી પ્રજા ગુજરાતની,
શૌર્યની ઈતિહાસમાં વાંચો કથા ગુજરાતની.

(૫) જયંત ડાંગોદરા 'સંગીત' :
તમારી હાજરી વિના સતત એવું થયા કરતું,
બધાની હાજરી વચ્ચે સતત એકાંત હાજર છે.

મનહર દિલદારની રચના :
આખરે તો એક દિ સૌ મોતના મહેમાન છે,
તે છતાં સૌના હૃદયમાં કેટલાં અરમાન છે?

(૬) ચેતન શુકલ 'ચેનમ' :
એ બધાને રાત પણ દમદાર લાગે છે.
ને મને અજવાસ પણ ખૂંખાર લાગે છે.

મનહર દિલદારની રચના :
ગાઢ ધુમ્મસ છાતું જાયે જેમ જેમ,
સૂર્ય કેં અકળાય દરિયે તેમ તેમ.

(૭) ઈંગિત મોદી :
પર્વત ચીરી નદી નીકળી, દરિયો ફાડી સુરજ,
હૃદય સોંસરો જીવ નીકળ્યો, પડતો મૂકી બુરજ.

મનહર દિલદારની રચના :
મારનારું કોણ ને જીવાડનારું કોણ છે?
તું જ કહેને જન્મ સૌને આપનારું કોણ છે?

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષણની શરૂઆત કરનાર ક્રાન્તિકારી સંત મુક્તજીવન સ્વામીબાપાએ અમદાવાદમાં સ્વામિનારાયણ આર્ટસ કોલેજની સ્થાપના કરવામાં આવી. આર્ટસ કોલેજનું ઉદ્ઘાટન એ સમયના રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન દ્વારા કરવામાં આવ્યું હતું. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ આ કોલેજમાં અભ્યાસ કર્યો છે. મહાન શિક્ષણશાસ્ત્રી અને તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન દ્વારા શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજનું લોકાર્પણ સમયની તસ્વીર.

જીઓ તો ઐસે જીઓ જૈસે સબ તુમ્હારા હૈ...

પંક્તિને સાર્થક કરતા ગુજરાત રાજ્યના જનસંપર્ક અધિકારી હિતેષ પંડ્યાને જન્મદિન મુબારક

ગાંધીનગર, તા. ૭

આજ રોજ ઈન્ડિયન લાયન્સ ચીફ પેટ્રન અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી તરીકે સેવા બજાવતા હિતેષભાઈ પંડ્યાનો જન્મદિવસ છે. તથા આજે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ પણ છે. તેને અનુલક્ષીને ગુજરાત રાજ્યની ઈન્ડિયન લાયન્સ સંસ્થાએ હિતેષભાઈના જન્મદિવસને સાક્ષરતા દિવસ તરીકે ઊજવવાનું આયોજન કર્યું છે.

વડોદરામાં જન્મેલા હિતેષભાઈ પંડ્યા વ્યવસાયે પત્રકાર છે તેમના આ પત્રકારત્વના અનુભવને આધારે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીઓ સાથે પણ જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવી છે. ગુજરાતી ભાષી પ્રતિષ્ઠિત દૈનિક ફૂલછાબનાં તેઓ ૨૨ વર્ષ સુધી સહતંત્રી તથા તંત્રી જેવા વિવિધ હોદ્દાઓ ઉપર જવાબદારી નિભાવી ચૂક્યા છે.

હિતેષભાઈ પંડ્યાને જન્મદિવસની શુભકામનાઓ આપવા માટે મો. ૭૯૮૪૩ ૫૨૫૪૦ ઉપર મેસેજ કરી શકો છો.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે Virtually online 'શિક્ષક દિન' ની ઉજવણી કરવામાં આવેલ હતી. તેમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી, આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને Online શિક્ષણ આપેલ હતું. તેવા વિદ્યાર્થીઓ ટ્રસ્ટી અને આચાર્ય દ્વારા આર્શીવચન આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આમ Virtually online 'શિક્ષક દિન' ની ઉજવણી આનંદોત્સાહથી કરવામાં આવી હતી.

ગુજકેટ પરિણામ-૨૦૨૦

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, સરગાસણનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૬

કોરોના મહામારીના સમયગાળામાં ગુજરાત માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ગુજકેટ-૨૦૨૦ની પરીક્ષામાં સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, સરગાસણ-ગાંધીનગર અગ્રેસર રહેલ છે. જેમાં ૯૯થી વધુ PR મેળવેલ વિદ્યાર્થીઓ -૧૪, ૯૫થી વધુ PR મેળવેલ વિદ્યાર્થીઓ - ૮૨ અને ૯૦થી વધુ PR મેળવેલ વિદ્યાર્થીઓ - ૧૫૮ છે. શાળાએ લોક-ડાઉન તથા અન્ય મુશ્કેલ સમયમાં પણ ઓનલાઈન શિક્ષણ તથા માર્ગદર્શન આપી અભ્યાસમાં વિક્ષેપ પડવા ન દીધો. શાળા આ ભવ્ય સફળતા બદલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવે છે.

ગુજકેટ પરિણામ-૨૦૨૦

૯૯થી વધુ PR મેળવેલ વિદ્યાર્થીઓ -૧૪,

૯૫થી વધુ PR મેળવેલ વિદ્યાર્થીઓ - ૮૨

૯૦થી વધુ PR મેળવેલ વિદ્યાર્થીઓ - ૧૫૮

ગુજરાતી સાહિત્યકાર ભગવતીકુમાર શર્માને સ્મૃતિવંદના અંતર્ગત નવલકથા 'નિર્વિકલ્પ' પર વાચિકમની ઓનલાઇન રજૂઆત

ગાંધીનગર, તા. ૭

દિલ્હીથી ઝૂમ મીટિંગ્સ પર સંયોજિત 'મારી ભાષા ગુજરાતી' સાપ્તાહિક ઓનલાઈન કાર્યક્રમનો તેરમો અંક ભગવતીકુમાર શર્માને સમર્પિત કરાયો હતો જેમાં આ પ્રસિદ્ધ ગુજરાતી લેખકની યશસ્વી નવલકથા 'નિર્વિકલ્પ' પર આધારિત એક વાચિકમ ભજવાયું. ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા રૂપાંતરિત આ વાચિકમમાં સૂરતના કલાકારો પ્રશાંત ત્રિવેદી, યામિની વ્યાસ, ઉચિતા ઠક્કર, હિમાંશુ ભટ્ટ, ડૉ. દિલીપ શાસ્ત્રી, રીના મહેતા, સ્વપ્નિલ પાઠક, ધ્વનિ ઉપાધ્યાય, જયદીપ ગાંગાણી અને રિધમ શાહે વિવિધ પાત્રોમાં પ્રભાવશાળી ભૂમિકા અદા કરી નવલકથાનું કથાનક તાદેશ કર્યું હતું. આ પ્રસંગે કવયિત્રી અને અભિનેત્રી યામિની વ્યાસે જણાવ્યું કે

ભગવતીકુમાર શર્મા એક અનોખા શિક્ષક હતા જેમના માર્ગદર્શનમાં અનેક કવિ અને લેખકો તૈયાર થયા છે. એમના ઘરે કાયમ નવોદિત જિજ્ઞાસુઓથી માંડીને નામાંકિત સાહિત્ય-હસ્તીઓનો મેળાવડો જામેલો રહેતો. તેઓ સૌને પોતાના ઘરમાં અને હૃદયમાં સમાવી લેનારા અદભુત વ્યક્તિ હતા અને એટલે જ તેઓ અનેકોના હૃદયમાં નિત્ય સાહિત્ય ઉમંગ થઈને નિવાસ કરે છે. પ્રારંભે ભગવતીકુમાર શર્મા પરના એક દસ્તાવેજી વૃત્તચિત્રની વિડિઓ દર્શાવાઈ હતી જેમાં એમના લેખનના પ્રારંભિક સંઘર્ષની વાત એમના જ સ્વરમાં સાંભળવા મળી હતી. એમના પુત્ર અને સુરતના જાણીતા નાટ્યકાર મેહુલ શર્માએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું કે ભગવતીકુમારે મૌલિક નાટકો નથી લખ્યાં પરંતુ એમની કવિતાઓ, વાર્તાઓ અને નવલકથાઓનું નાટ્યરૂપાંતર કરી અનેક નાટ્યકારોએ ઉત્કૃષ્ટ મંચન કર્યું છે અને એનાથી તખ્તાની સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ થઈ છે. કાર્યક્રમ આયોજક ભાગ્યેન્દ્ર પટેલે કહ્યું કે ગુજરાતી ભાષાના અનોખા સ્વજન સમા ભગવતીકુમાર શર્મા ગુજરાતીભાષીઓના સૌના માયાળુ સ્વજન હતા. એમની સદેહી ચિરવિદાયને બે વર્ષ થયાં તોય એમના ચાહકો એમને માટે ચાલ્યા ગયા કે આપણી વચ્ચે રહ્યા નથી એવા શબ્દો પ્રયોજી શકતા જ નથી. તેઓ લખાતી ગુજરાતી ભાષામાં વાક્યરચના અને શબ્દજોડણી તેમ જ બોલાતી ગુજરાતીમાં ઉચ્ચારશુદ્ધિના પ્રખર હિમાયતી હતા તથા ભેળસેળ રહિતની ગુજરાતી ભાષાના આગ્રહી હતા. ભગવતીકુમારની પુત્રી અને પ્રતિભાશાળી કવયિત્રી રીના મહેતાએ અંતે આભારવિધિ કરી હતી. મીતા સંઘવી, નરેશ કાપડિયા, જ્યોતિ શ્રોફ, કુલીન પટેલ વગેરે સહીત દિલ્હી અને ગુજરાતથી મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓએ આ સભામાં હાજરી આપી હતી.

જન્મદિને વધામણી

વિનોદ ડી રાદડીયા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
મો. ૯૮૨૫૦ ૨૭૭૭૫

સોનાલી ઉરેન પટેલ
મો. ૯૪૨૮૦ ૦૦૭૭૬

સાત્ત્વિક જી ત્રિવેદી
(ડીજીએમ) (હેચઆર)
કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ (કેપીટીએલ)
મો. ૯૯૨૪૬ ૯૯૨૪૭

હિતાર્થ મેહુલ દોશી
મો. ૮૧૪૧૧ ૭૫૪૫૯

મનિષાબેન એ જૈન

કૃપાબેન મનોજભાઈ જોષી
મો. ૯૭૨૪૫ ૧૨૦૬૬

નિમેષ પટેલ
મો. ૯૮૨૫૧ ૮૧૧૬૪

સુરેન્દ્રસિંહ રામસિંહ ડાભી
મો. ૭૯૮૪૮ ૯૩૬૦૧

ક્રિષા જોષી
મો. ૯૯૭૮૪ ૫૪૬૮૪